Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐 卐 卐


પુસ્તક ૪૫ મું. | આત્મ સં. ૫૩ | સંવત ૨૦૦૪.

અંક ૧૧ મો | જુલાઈ : જયેષ્ઠ




વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.


પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી નેમિનાથ જિન સ્તવન ... ... | ( મુનિ મહારાજ શ્રી હેમેન્દ્રસાગરજી ) | ૨૦૫ |
| ૨ | શ્રી મહાવીરસ્વામી સ્તવન ... ... | ( મુનિશ્રી રમણિકવિજયજી મહારાજ ) | ૨૦૬ |
| ૩ | વિજયાનંદસૂરીશ્વરજીની સ્તુતિ ... ... ... | ( મોહનલાલ ' શીહોરી ' ) | ૨૦૭ |
| ૪ | વિચારશ્રેણી ... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૦૮ |
| ૫ | યોગમીમાંસા ... ... ... | ( સં. મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષીક) ) | ૨૧૧ |
| ૬ | સાચું ધન ... ... ... ... ... ... | ( અનુ–અભ્યાસી ) | ૨૧૩ |
| ૭ | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન ... ... | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ–મોરબી ) | ૨૧૫ |
| ૮ | આગામી સંવત્સરી બાબત ખુલાસો ... ... ... ... | ( સમુદ્રવિજય ) | ૨૧૭ |
| ૯ | શુદ્ધિ પત્રક ... ... ... ... ... ... ... ... | | ૨૧૮ |
| ૧૦ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૨૧૯ |
| ૧૧ | આધુનીકયુગનાં પ્રભાવક શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતિ... | ( અમરચંદ માવજી શાહ ) | ૨૨૪ |


## આ માસમાં નવા થયેલા માનવંતા લાઇફ મેમ્બર સાહેબો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શાહ મનસૂખલાલ વનમાળીદાસ | (૧) લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૧ | શાહ ભૂપતરાય હીરાચંદ | ,, | ભાવનગર |

## નમ્ર નિવેદન.

આ વર્ષે દર ઇંગ્રેજી મહિનાની પહેલી તારીખે **"આત્માનંદ પ્રકાશ"** માસિક પ્રગટ થાય છે, જેથી લેખક મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓએ ઉપરોકત તારીખની પંદર દિવસ પહેલાં લેખો મોકલવા તસ્દી લેવી.

બહારગામથી મુનિ મહારાજ વગેરે તથા જૈન બંધુઓ તરફથી જૈન ધર્મના ગ્રંથો વેચાણ મંગાવવા અનેક પત્રો આવે છે, પરંતુ અમો અમારા છપાવેલા ગ્રંથો સિવાય બીજાના છપાવેલા કોઇપણ ગ્રંથ અમો પ્રથમથી વેચતા નથી અને તેવા બીજાઓના ગ્રંથો ઘણા કાર્યને લઇને મોકલી શકતાં નથી, જેથી અમારા તરફથી પ્રસિદ્ધ થયેલાં ગ્રંથો સિવાય કોઇપણ ગ્રંથ કોઈએ વેચાણ મંગાવવા પત્ર લખવો નહિં. છતાં તેમ થશે તો તેના જવાબ લખવામાં આવશે નહિં.

## અમારૂં નવું પ્રકાશન.

### ૧ શ્રી દ્વાદશાર નયચક્રસાર-ગ્રંથ ( મૂળ ટીકા સાથે )

તાર્કિક શિરોમણિ, નયવાદપારંગતવાદિપ્રભાવક **આચાર્યશ્રી મલ્લવાદિ** ક્ષમાશ્રમણ વિરચિત મૂળ અને ટીકાના પ્રણેતા **સમર્થ** તાર્કિક આચાર્યશ્રી **સિંહસૂરગણિ** ક્ષમાશ્રમણ એકંદરે સ્વપર વાઙ્મય વિષયક પાંડિત્યના ક્ષેત્રમાં કેવું વિશાલ પ્રભુત્વ ધરાવતા હતા ? તે આ અપૂર્વ ગ્રંથ બતાવે છે; તેમજ આ ગ્રંથના પ્રકાશનથી વિદ્યમાન–અવિદ્યમાન ભારતીય આર્યદાર્શનિક સાહિત્ય અને તેને લગતા ઇતિહાસ ઉપર વિશિષ્ટ પ્રકારે પ્રકાશ પાડતો આ નયનો અઢારહજાર શ્લોક પ્રમાણ અપૂર્વ ગ્રંથ છે. કે જે વિદ્વાનો, સાહિત્યક્ષેત્રમાં રસ ધરાવનાર આમજનતાને પણ રસપ્રદ બનશે. આ માસિકમાં આવતી લેખમાળા અને વિશિષ્ટ

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. જયેષ્ઠ પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૪. :: તા. ૧ લી જુલાઇ ૧૯૪૮ :: અંક ૧૧ મો


## શ્રી નેમિનાથ જિન સ્તવન.

( રૂમઝુમ બરસે બાદલવા...... )

શ્યામ મેઘ સમ નાવલીયા ! પ્યાસી મયૂરી સમ હું,
નેમિનાથ ! આવો, આવો, નેમિનાથ ! આવો—ટેક.

હરણાંને ઉગાર્યાં ધારી ત્યાં દયા, ત્યાં દયા,
કરૂણાળુ સાચા સ્વામી ત્યાં થયા, ત્યાં થયા,
કરુણા કેરા સાગર હો, રાજુલ ત્યાગો શાને?
નેમિનાથ ! આવો, આવો, નેમિનાથ આવો...શ્યામ. ૧

શ્યામ વર્ણના બોલી સખીઓ સૌ હસે, સૌ હસે,
આપ તણા ગુણસાગરમાં મન ઉલ્લસે, ઉલ્લસે,
પાછો રથને વાળો હો, કર મારો ઝાલો સ્વામી,
નેમિનાથ ! આવો, આવો, નેમિનાથ ! આવો...શ્યામ. ૨

રાજુલ નેમિ ચરણો ભજતાં ઉદ્ધરી, ઉદ્ધરી,
દીક્ષા ધારી અજિત પદમાં એ ઠરી, એ ઠરી,
હેમેન્દ્રે એ ભાવો રે, હેતે ઉદ્ધારો સ્વામી,
નેમિનાથ ! આવો, આવો, નેમિનાથ ! આવો.

મુનિ મહારાજ શ્રી હેમેન્દ્રસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीविजयसेनसूरि-शिष्य-विनिर्मितं

# *॥ श्रीमहावीरस्वामिस्तवः ॥

संपादकः—मुनि श्री रमणिकविजयजी महाराज—( वडोदरा )

त्रोटक छंद ॥

मनसि मानव ! मानवमन्दिरं, जिनवरं धर सिद्धिवधूवरम् ।
जगति यो जनताम्बुजबोधने, दिनकरो न करोति रतिं भवे ॥ १ ॥

भवमहोदधिकुम्भवसमुद्भवं, शिववशा वृणुते स्म जिनाधिपम् ।
अधरयन्तमशेषगुणाकरं, सकमलं कमलं वदनश्रिया ॥ २ ॥

नमति वीरजिनं नरधोरणी, हरिविनिर्मितजन्ममहोत्सवम् ।
पदयुगप्रणतं विदधाति नो, सकमलं कमलं स जनं जिन ! ॥ ३ ॥

सुरमणि-सुरधेनु-सुरद्रुमा, बभुरिवेप्सितवस्तुषु यन्नखाः ।
भविमुदेऽस्तु तदीयवचश्चयः, सकमलः कमलोदसहोदरः ॥ ४ ॥

उदरगोऽपि विषादमुदौ क्रमा-दचलनाच्चलनात् त्रिशलां नयन् ।
त्रिदशशैलमचालयदीश्वरः, सुचरणाऽऽचरणादरसुन्दरः ॥ ५ ॥

कनकचम्पक-चारु-तनुद्युतिः, स भविनां विदधातु महोदयम् ।
हरिमुदे स्पृशति स्म हरिं दधत्, स्वचरणे चरणेन सुराचलम् ॥ ६ ॥

शिरसि मुष्टिहतस्त्रिदशोऽनमत्, पदयुगं प्रथमे वयसि प्रभोः ।
भवभृतामतिशायि शिवोदयं, विदधतो दधतो हरिलाञ्छनम् ॥ ७ ॥

हरिकटीविभवं हरिलाञ्छनं, हृदि वहेम जिनं हरिणाऽऽनतम् ।
क्रमकुशेशयषट्चरणायि-ताऽसुरवरं खरं जितपर्षदम् ॥ ८ ॥

चरमतीर्थकृतस्त्रिदिवच्युति-प्रमुखमङ्गलवासरपञ्चकम् ।
भवतु भक्तिमतां भविनां मुदे, विभवदं भवदन्तिमृगद्विषः ॥ ९ ॥

इति जिनाधिपसंस्तवनं जनः, पठति यः प्रमदादुपवैणवम् ।
विजयसेनविनेयविनिर्मितं, सुलभते लभते सुदृशां श्रियम् ॥ १० ॥

*आ स्तव पूज्य महाराजजी श्रीमुक्तिविजयजी ( मूलचंदजी ) महाराजना छाणिना भंडारनी प्रति परथी उतारीने अहींया आप्युं छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિજયાનંદસૂરીશ્વર તમને લાખો પ્રણામ.

[ સિદ્ધાચળના વાસી જિનને.........રાગ ]

અઢાર બાણું વિક્રમ વરસે, ચૈતર સુદિ એકમના દિવસે;
થયો જન્મ સુખકાર...........તમને૦ ૧

ગણેશ-રૂપાંદેવી જાયા, જીરામાં ઉછેરી કાયા;
રહી ઘેર ઓસવાળ...........તમને૦ ૨

ગંગારામ-જીવણ સહવાસે, દીક્ષા ગ્રહી ઢુંઢક મત પાસે;
ઉંમર વર્ષ અઢાર...........તમને૦ ૩

ઢુંઢકમતમાં ગલતી દેખી, જ્ઞાનથકી સઘળું એ પેખી;
હીંમત કરી તૈયાર...........તમને૦ ૪

દેશ વિદેશ વિષે વિચરીને, વિવેક યુક્તિ વાદ કરીને;
સત્ય કર્યું સાબિત...........તમને૦ ૫

બુટ્ટેરાય, વૃદ્ધિ, મૂળચંદે, ગ્રહ્યો માર્ગ એ મનથી વંદે;
સ્થિર રહ્યા ગુરુકાજ...........તમને૦ ૬

૧૯૩૨ વય ચાલીસે, રાજનગરમાં ગુરુની પાસે;
દીક્ષા તપગચ્છ થાય...........તમને૦ ૭

રાહુ ઘેરી છાંયા જાતા, કિરણ ચંદ્રતણાં ઉભરાતાં;
તેમ પ્રકાશ્યા આપ...........તમને૦ ૮

ચીકાગોની ધર્મસભામાં, જાવા હોંશ ઘણી હૈયામાં;
રહ્યા ધરી ઉપયોગ...........તમને૦ ૯

સિદ્ધક્ષેત્રમાં ગુરુજી આવ્યા, સંઘે સૂરિપદથી બિરદાવ્યા;
ઉમર હતી વનદ્વાર...........તમને૦ ૧૦

ઓગણીસ ત્રેપન વિક્રમ વરસે, જેઠ સુદિ સાતમના દિવસે;
દેવ થયા મધરાત...........તમને૦ ૧૧

બાકી રહી જે જે ગુરુઆશા, ધરી રૂપ વલ્લભસૂરિ ભાષા;
અમર કર્યા ગુરુદેવ...........તમને૦ ૧૨

લી. મોહનલાલ 'શીહોરી'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વિચારશ્રેણી'

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૯૯ થી શરૂ. )

મરવું તો છે જ તો પછી સમતાથી કેમ ન મરવું ? મમતાથી મરનાર કરતાં સમતાથી મરનાર ઉત્તમ આત્મા હોવાથી બંને લોકમાં સુખ–શાંતિ તથા આનંદનો ભોગી બને છે.

પોતાના આત્માને ઓળખીને તેના માટે કાંઇપણ હિત ન કર્યું તો પછી દુનિયાને દેખાડવા ઘણુંય કર્યું હશે તોયે તે દેહ છોડતાની સાથે જ બધુંયે અદ્રશ્ય થઈ જશે.

ચારિત્ર વગરના કળાવાન–ધનવાન–વિદ્વાન કે બુદ્ધિમાન લોકહિત કરી શકતા જ નથી; કારણ કે ચારિત્રહીનની કોઇના પર અંતરમાં ઊંડી છાપ પડી શકતી નથી. ગમે તેવા માનવીને પણ જ્યારે ચારિત્રહીનતાની ખબર પડશે કે તરત જ તેની મનોવૃત્તિમાં દેખાવ પૂરતા ગુણવાન માટે હલકા વિચારો આવવાથી તિરસ્કાર જ ઉત્પન્ન થશે.

કર્તવ્યોના કંગાળ કર્તવ્યપરાયણની ભૂલો કાઢી ઉપદેશ આપવા પોતાનું ડહાપણ બતાવે છે, પણ પોતે સાચું અને સારું કરી બતાવી માર્ગદર્શક બની શકતા નથી એ જ તેમની તુચ્છતા તથા અપ્રમાણિકતા બતાવી આપે છે.

મનોવૃત્તિ મળ્યા સિવાયની માયાવી મૈત્રીથી માનવી સુખ—શાંતિ મેળવી શકતો નથી.

બીજાનું અહિત કરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષવાની ઇચ્છા રાખવી જ નહિં.

જાણવા માત્રથી સારા માણસને પણ તિરસ્કાર ઉત્પન્ન થાય તેવી પોતાના મોભાને હલકો બનાવનાર ઇચ્છાઓનો કદી પણ આદર કરવો નહિં.

માનવી વધુ પડતી ન પૂરાય તેવી નકામી ઇચ્છાઓ ન રાખે તોયે શાંતિથી જીવી શકે છે.

પરની પ્રાણુસંપત્તિ તથા ધનસંપત્તિ ઉપર તેના સ્વામી સિવાય કોઇનો પણ હક નથી છતાં જે તેને બળાત્કારથી પડાવી લે છે તે પ્રભુનો ગુનેગાર છે.

નીતિ તથા ધર્મના આશ્રિતને બીજાની પાસે ન્યાય ચુકાવવા જવું પડતું નથી, કારણ કે તે અપરાધોથી મુક્ત હોય છે. કુટિલતા ટાળીને જનકલ્યાણ માટે કરવામાં આવતો પ્રયાસ સફળ બની શકે છે.

જે વાસનાઓથી આત્માનું અહિત થતું હોય તેને કાઢી નાંખવા પ્રયાસ કરવો તે એક પ્રકારનો ધર્મ છે.

તુચ્છ સ્વાર્થ સાધવા જનતા સમક્ષ પ્રતિજ્ઞાઓ લેવામાં મહાપાપ છે; કારણ કે સ્વાર્થના અંગે પ્રતિજ્ઞાઓનો ડોળ કરવાથી જનતાને ઠગીને વિશ્વાસઘાતી બનાય છે.

પરિણામ વિચારી ગમે તે ભોગે પણ પાલન કરવાના ભાવ તથા શક્તિ હોય તો જ કોઈપણ પ્રકારની પ્રતિજ્ઞા લેવાનું સાહસ કરવું, કારણ કે આવેશમાં આવી પ્રતિજ્ઞા પળમાં લઇ શકાય છે, પણ આવેશ શમી ગયા પછી તેને પાળવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી જ મુશ્કેલીઓ ઊભી થાય છે. તુચ્છ પ્રકૃતિનો માનવી ગમે તેટલો અવગુણી હશે તોયે ગુણવાનના નજીવા દોષોને દૃષ્ટિ સન્મુખ રાખીને પોતાને ગુણી માનશે.

જીવનપથમાં પ્રયાણ કરી રહ્યા છો માટે જ્ઞાન ચક્ષુ ઉઘાડી રાખજો, નહિં તો અવળે રસ્તે ચઢી જઇને હેરાન થશો.

સ્વાર્થી આશાનો અત્યંત આદર કરે છે પણ નિસ્વાર્થી તો તેની ઉપેક્ષા જ કરે છે.

લાગણી અથવા તો સ્નેહગર્ભિત સંસર્ગમાં આદર કે અનાદરની કાંઇપણ ગણત્રી જ હોતી નથી; પરંતુ કેવળ સ્વાર્થ કે વ્યવહાર માત્ર જાળવવામાં આદર તથા અનાદરને ખાસ કરીને પ્રધાનતા આપવામાં આવે છે.

સ્નેહથી સામાન્ય આવકાર પણ સોનાથી વધારે કિમતી છે, ત્યારે તિરસ્કારથી આગ્રહભર્યો આદરસત્કાર કથીરથી પણ હલકો છે.

બનતી સેવા કરી છૂટવું પણ નિષ્કારણ બીજાની પાસે સેવા કરાવવાની ઇચ્છા રાખવી નહિં.

બીજામાં દુર્ગુણો જોઇને તો કદાચ અણગમો થાય પણ ગુણ જોઇને અણગમો થવો તે અવગુણીનું ચિન્હ છે.

કોઇપણ માનવી પોતાની એબ બીજાના આગળ ઉઘાડી કરવા ઇચ્છતો નથી છતાં દુનિયાના ક્ષુદ્ર પ્રાણીઓ પોતાની તુચ્છ પ્રકૃતિને પોષવા બીજાની એબ જનતા સમક્ષ ઉઘાડીને રાજી થાય છે તે દુર્જનતાનું ચિન્હ છે.

પ્રગટપણે તો દુર્ગુણોનો બધાય વિરોધ કરે છે, છતાં વિલાસીને તો આદરપૂર્વક તેનો આશ્રય લેવો જ પડે છે.

કામ–ક્રોધ–મદ–મોહ–તિરસ્કાર–કટુ ભાષણ આદિથી કંગાળ બનવું સારું છે; પણ સમતા-સંતોષ–દયા–ક્ષમા–સદાચાર આદિથી તો શ્રીમંત બનવા પ્રયાસ કરવો પરંતુ દરિદ્રી રહેવું સારું નથી.

જડના દાસપણામાંથી છૂટ્યા સિવાય તુચ્છ માનવીના દાસપણામાંથી છૂટી શકાતું નથી.

પૌદ્દગલિક–બનાવટી ઘણું પણ સુખ અશાંતિ ટાળી શકતું નથી, પરંતુ થોડુંક પણ આત્મિક સાચા સુખથી માનવી શાંતિ મેળવી શકે છે. માનવી પોતાના મોઢે પોતાની ગમે તેટલી પ્રશંસા કરે પણ જ્યાંસુધી લોકમાન્ય માણસોની સંમતિ ન મળે ત્યાંસુધી અપ્રમાણિક જ ગણાય છે. માનવીને પોતાની સમજણ પ્રમાણે જેની પાસેથી મનગમતું મળી જાય તો તે અવગુણી હોય તોપણ તેના ગુણ ગાય છે.

કોઈપણ વસ્તુ અથવા તો વ્યક્તિનો સ્વીકાર કે તિરસ્કાર કરતાં પહેલાં માનવીએ બીજાની પસંદગી ઉપર આધાર ન રાખતાં પોતે સદ્દ્બુદ્ધિપૂર્વક તપાસી લેવું; નહિં તો પરિણામે ચિત્તમાં પશ્ચાત્તાપ તથા કલેશ થવાનો સંભવ રહે છે.

આત્મવિકાસ કરીને પોતાની મહત્ત્વતા બીજાને બતાવવી તે જ ઉત્તમતા છે, પણ આત્મવિનાશ કરીને બતાવવી તે મૂર્ખતા છે. પોતાની સમજણ પ્રમાણે સમજાય તે સાચું જ હોતું નથી પણ સાચું સમજાય તે જ સાચું છે.

માન–અપમાનની માન્યતા માનવીની સમજણ ઉપર આધાર રાખે છે; કારણ કે કેટલાક અપમાનને માન સમજી રાજી થાય છે, ત્યારે કેટલાક માનને અપમાન માની ક્રોધિત થાય છે.

કાંઈપણ જાણ્યા પછી માનવીને 'મારા જેવું કોઇપણ જાણતું નથી' એવું અભિમાન આવી જાય તો તે અણજાણ જ કહેવાય છે. માનવી કોઇપણ પ્રવૃત્તિમાં વખણાઈ ગયા પછી જો તે અભિમાનનો આશ્રિત બને તો સારી અને સાચી રીતે કાર્ય કરી શકતો નથી અને અનેક ભૂલોનો ભોગ બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલીક વખત તો ડાહ્યા અને બુદ્ધિશાળી માણસો પણ બીજાથી કરાયલી પોતાની ખોટી પ્રશંસા સાંભળીને રાજી થવાની ભૂલ કરી બેસે છે, છતાં તરત ભૂલ સુધારીને અલાભના ભાગી બનતા નથી.

ગુણો કોઇના આપેલા મળતા નથી પણ ગુણવાન–ઉત્તમ પુરુષોનું અનુકરણ કરવાથી પ્રગટ થાય છે.

માનવી પોતે અવગુણી હોવા છતાં બીજાને પૈસા આપીને પણ તેની પાસેથી ગુણો ખરીદીને રાજી થાય છે.

પોતાની પ્રશંસા સાંભળવાના લોભથી માનવી અવગુણી આગળ પણ તેનાં ગુણી તરીકે વખાણ કરે છે.

કોઇ પણ વસ્તુમાં પોતાના અપ્રગટ ગુણો પ્રગટ થવા તે વિકાસ કહેવાય છે અને ગુણોનું ઢંકાઈ જવું તે વિનાશ કહેવાય છે.

હૃદયની પવિત્રતા–સરળતા–સજ્જનતા–સુશીલતા–સદાચાર અને નિર્વિકારતા આદિ ગુણોને લઇને જ માનવી ગુણી કહેવાય છે, પણ એનાથી વિપરીત અપવિત્રતા, કુટિલતા, દુર્જનતા, દુરાચાર અને ક્ષુદ્ર વાસના આદિ દુર્ગુણોના દાસમાં સંગીત–સાહિત્ય–વિદ્યા–વાચાળતા આદિ કળાઓ હોવા છતાં પણ તે ગુણી કહેવાય નહિ પરંતુ તે હલકી કોટીનો ક્ષુદ્રાત્મા જ કહેવાય છે.

પૈસાવાળાની કદર કરનાર કરતાં ગુણવાનની કદર કરનારમાં સારું ડહાપણ હોય છે.

સરળ હૃદયથી વિશ્વાસ રાખી સાચું કહેનાર તથા વર્તનારને તુચ્છ સ્વાર્થ માટે કાવાદાવા કરી જનતામાં હલકો ચિતરનારમાં હોંશિયારી નથી પણ મૂર્ખતા તથા દુર્જનતા જ હોય છે.

પોતાની પ્રિય વસ્તુને વખોડી હલકી પાડનાર ઉપર અણગમો આવીને મન દુખાતું હોય તો બીજાની પ્રિય વસ્તુને વખોડતાં પહેલાં વિચાર કરી લેવો; કારણ કે સહુકોઇને પોતાની પ્રિય માનેલી વસ્તુની પ્રશંસા જ ગમે છે.

ક્ષુદ્ર સ્વાર્થ સાધવા બીજાની સરળતાનો દુરુપયોગ કરનારમાં સજ્જનતાની છાયા સરખીયે હોતી નથી.

ઉત્તમ પુરુષોના વાણી, વિચાર તથા વર્તનના અંકુશ વગરના માનવીમાં માણસાઇ ન હોવાથી ઉત્તમ જીવન બનાવી શકતો નથી. કષાય તથા વિષયથી વિકૃત થયેલી મનોવૃત્તિ અપવિત્ર કહેવાય છે.

નિઃસ્વાર્થ સ્નેહમાં જ પવિત્રતા રહેલી છે; કારણ કે સ્વાર્થગર્ભિત સ્નેહ માનસિક પવિત્રતાનો સંપૂર્ણ બાધક છે.

નિરાગી પુરુષો સિવાય જગતમાં કોઇ પણ નિરાશ્રિત રહીને સુખશાંતિ મેળવી શકતું નથી.

જન્મથી મરણ પર્યંતના જીવનની બધીયે જરૂરિયાતો સ્વાધીનપણે પૂરી પડતી નથી. પરની જરૂરત પડે છે માટે જ માનવીઓ ઓળખાણ તથા સ્નેહને ઘણાં જ અગત્યના ગણે છે.

દુનિયામાં માણસો તો ઘણાય નજરે પડે છે, પણ જેની આકૃતિની મનોવૃત્તિમાં છાપ પડી હોય તેની જ ઓળખાણ રહે છે.

મનગમતી વસ્તુ તથા વ્યકિતમાં અણગમો ઉત્પન્ન કરવા કોઈ તુચ્છ પ્રકૃતિવાળો દુર્બુદ્ધિનો ઉપયોગ કરે તો ડાહ્યા માણસે તેનો આદર કરવો નહિં પણ અનાદર કરવો, જેથી દુર્જનોને ઉત્તેજન મળતું અટકી પડશે.

જીવનમાં સુખ–શાંતિ તથા આનંદને આશ્રય આપવા પૂરતી જ સરળતા રાખવી ઉચિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગમીમાંસા

સં. મુનિ પુણ્યવિજયજી ( સંવિગ્ન પાક્ષિક )

( ગતાંક પૃષ્ઠ ૧૭૮ થી શરૂ )

આ રીતિએ પ્રથમ કાળમાં ચિત્તથી અને શરીરથી પાપાચરણ થતું તે દૂર થઇ જ્યારે માત્ર કાયાથી જ પાપાચરણ થવા માંડયું અને ચિત્તથી મુક્તિની અભિલાષા તથા પાપ પ્રત્યે ઘૃણા જારી રહી ત્યારે પરિણામે કાયાથી પણ પાપાચરણનો નિયમ આવી જાય એટલે ચિત્ત અને શરીર ઉભયથી પણ પાપાચરણ થાય નહિ. જે સમયે દુ:ખથી ઉદ્વેગ હોતો નથી, સુખમાં સ્પૃહા હોતી નથી; પણ માત્ર કર્મવિપાકના જ્ઞાનપૂર્વક સર્વત્ર રાગદ્વેષ રહિત યા તો અહંભાવ કે મમતા રહિત 'સમભાવ' વિદ્યમાન હોય છે. આવી સ્થિતિવાળા જીવને **સ્થિતપ્રજ્ઞ** પણ કહેવામાં આવે છે કે 'સમાહિતસત્ત્વ' પણ કહેવામાં આવે છે.

આ જીવ સમતામાં અને સ્થિરતામાં દ્રઢ બની એવો સંસ્કારથી વાસિત થાય છે કે જેથી એના પ્રભાવે વૈરિઓનું વૈર નિવૃત્તિ પામે છે; અને ક્રમશ: એના સર્વ આવરણોનો વિલય થાય છે; તથા એને 'પરતત્ત્વ'નો સાક્ષાત્કાર થાય છે, જે સમયે એને **'કૈવલ્યમુક્ત'** યા તો **વિદેહી** કિંવા **'જીવનમુક્ત'** કહેવાય છે. એ પરતત્ત્વનો સાક્ષાત્કાર ઔપાધિક ગુણોના

---

છે, પણ આપત્તિ–વિપત્તિ તથા અશાંતિપ્રવેશને સરળ બનાવી આપવા માટે તો સરળતાનો કિંચિત્ માત્ર પણ આદર કરવાની જરૂરત નથી.

પોતાની પ્રકૃતિને પાલવતું હોય તેવાનો જ સહવાસ કરવો, નહિ તો જીવન દુ:ખ તથા કલેશમય બનશે.

જીવવાનું ધ્યેય નક્કી કરીને બહુ જ ડહાપણપૂર્વક જીવન વ્યવસ્થા ઘડી નાંખો, નહિં તો અવ્યવસ્થિત જીવનમાં સુખ–શાંતિ કે સંતોષ નહિં મેળવી શકો તેમજ આત્મહિત પણ નહિં કરી શકો.

બીજાના અભિપ્રાયમાં ભળવા પોતાનો અભિપ્રાય બદલતાં પહેલાં સદ્બુદ્ધિ વાપરી સારી રીતે વિચારી લેવાની જરૂરત છે. વૈષયિક વૃત્તિઓ પોષવાના હેતુથી પવિત્ર ધર્મશાસ્ત્રોનો ઉપયોગ કરનાર પવિત્ર પુરુષોને કલંકિત કરી પોતાના આત્માને અધોગતિમાં હડસેલી મૂકવાનું સાહસ કરે છે.

જ્ઞાનામૃતના પિપાસુને વિષય–વિષમિશ્રિત જ્ઞાનામૃત પાવું તે આત્મઘાતી, ભાવહિંસકનું કામ છે.

જલોદર, ભગંદર, ક્ષય જેવા મહાન વ્યાધિઓથી પણ કષાય તથા વિષયનો વ્યાધિ ઘણો જ ભયંકર તથા હાનિકારક છે, કારણ કે જલોદર આદિ વ્યાધિયોથી તો કેવળ ક્ષણવિનશ્વર દેહનો નાશ થાય છે પણ કષાય–વિષયના વ્યાધિથી આત્માના જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ ગુણોનો નાશ થાય છે.

ચૈતન્ય હોય કે જડ હોય, કોઇ પણ વસ્તુની ચાહના કરતાં પહેલાં સાચી રીતે જાણી લેવું જોઇએ કે તે આત્મશુદ્ધિમાં કેટલું ઉપયોગી છે. જો તેનાથી આત્મા અશુદ્ધ–અપવિત્ર બનતો હોય તો તેવી વસ્તુની રુચીમાં જ અશ્રેય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયાનંતર થાય છે. મતિ, શ્રુતાદિ ગુણો પણ ઔપાધિક ગુણો છે. કારણ આવરણના સર્વથા વિલયજન્ય નથી; અતઃ આત્માના સ્વભાવભૂત નથી, પરંતુ ક્ષાયોપશમિક હોઈ વિભાવરૂપ છે. એથી જ એવા ગુણોના વિષયાનંતર જ પરતત્ત્વ કિંવા જગતનો સાક્ષાત્ આવિષ્કાર થાય છે. એ આવિષ્કારના અસ્તિત્વ કાળમાં કોઇપણ પ્રકારનું ધ્યાન હોતું નથી અને માત્ર સામયિક બંધ હોય છે; તથા જગત્ પ્રતિ સર્વથા ઉદાસીન વલણ હોય છે.

આવી ઉત્કટ દશા '**ફલાવંચક**' જીવને પ્રાપ્ત થાય છે. જ્યારે શુભ ઉપયોગપૂર્વક શુભ ક્રિયાનું દત્તચિત્તે આરાધન થાય છે ત્યારે એ ક્રિયાઓના ફળને અવંચિત કરવાની અર્થાત્ સફળ કરવાની યોગ્ય દશા પ્રાપ્ત થાય છે, જેના યોગે આત્મરમણતારૂપ શુદ્ધ ક્રિયામાં સમતા યા તો અભેદ ઉપાસનારૂપ નિર્વિકલ્પ દશામય શુદ્ધ ઉપયોગદ્વારા રમણતારૂપ ફળની પ્રાપ્તિ થાય છે. ફલાવંચક જીવ જાગર દશામાંથી પણ કે જે સમ્યગ્દષ્ટિ સંયમી આદિને હોય તેથી આગળ વધી માત્ર આત્માનુભવરૂપ '**ઉજાગરદશા**' ને પણ પ્રાપ્ત થઈ જાય છે. જે અનુભવ દશા માત્ર સ્વસંવેદ્ય છે; પણ શબ્દદ્વારા વાચ્ય નથી, મનદ્વારા ગમ્ય નથી અને ચક્ષુદ્વારા દશ્ય નથી; આમ છતાં નિષેધ્ય પણ નથી જ. કારણ તે તે જીવોને અનુભવ સિદ્ધિ છે. એવું પણ સંભાવિત છે કે જેનું આંશિક પણ આલેખન થઇ શકે નહિ બલ્કે જે કલ્પનાથી પણ અકલ હોય તો પણ તત્ત્વો અનુભવથી ગમ્ય હોઇ શકે છે. એથી જ અનુભવસિદ્ધ તત્ત્વનો અપલાપ કરી શકાય નહિ.

ક્રિયા અવંચક બન્યા વિના ફલાવંચક બની શકાતું નથી. ક્રિયા અવંચકતા એટલે કે–શાસ્ત્રાનુયાયી સદ્‌ગુર્વાદિદ્વારા શાસ્ત્રને અનુસરી દર્શિત તત્ત્વોનો સ્વીકાર કરવો, અને સૂચિત અનુષ્ઠાનોનું યથાકાલ અને યથાશક્તિ સેવન કરવું તે છે. એ ક્રિયા અવંચકતામાં ગુણસ્થાનકભેદે આરાધનાનો ભેદ પણ સંભવી શકે; આમ છતાં તે જીવ **ઇચ્છાયોગી** તો હોય જ અને એથી જ શક્ય અનુષ્ઠાનોનો આરાધક છતાં અશક્યનો વાંચ્છુક પણ હોઈ શકે છે; છતાં વાસ્તવિક તો '**શાસ્ત્રયોગી**' જીવ 'વચનાનુષ્ઠાન'નું પૂર્ણ આરાધન કરે તે જ 'ક્રિયા-અવંચકતા' છે. જેટલા જેટલા અંશમાં ક્રિયા-અવંચકતા પ્રગટ થતી જાય તેટલા તેટલા અંશમાં **જાગ્રતદશા** પ્રગટ થતી જાય છે.

એ જાગૃતિદશા એટલે મિથ્યાદષ્ટિ જીવ જે વિષયકષાયજનિત સુખસામગ્રીમાં કે સુખમાં સુખની કલ્પના અને વૈરાગ્યજનિત આત્મિક સુખમાં દુઃખની કલ્પનારૂપ સુષુપ્તિમાં નિદ્રિત હોય તેનાથી પરાંગમુખ બની વિષયકષાયજનિત સુખમાં દુઃખની માન્યતા અને આત્મિક સુખમાં જ માત્ર સુખની માન્યતારૂપ જે 'અનિદ્રિતદશા' તે છે. વિષયકષાયજનિત સામગ્રીમાં બાહિરૂ સુખ અને આંતરિક દુઃખ, જ્યારે વૈરાગ્યજનિત આત્મિક સુખમાં બહિર્દુ:ખ પણ હોય પરંતુ આંતરિક તો સુખ જ હોય.

અર્થાત્ મિથ્યાત્વઅંધ જીવોને માટે જે આન્તર સ્ફુટ પ્રકાશરૂપ ઝગઝગતો દિન હોવા છતાં નિશારૂપ હોય અને એથી જ એ પ્રકાશના વિષયમાં એ અજ્ઞાની જીવોની અજ્ઞાનરૂપ 'નિદ્રાદશા' હોય, ત્યારે તેવી સ્થિતિમાં જ જીવોની પરિપૂર્ણ જાગૃતિ હોય તે 'અનિદ્રિતદશા' છે. તથા મૂઢ અજ્ઞાની જીવોની વિષયકષાયજનિત સામગ્રીમાં સુખની કલ્પનારૂપ જે જાગૃતિ હોય તે જ સ્થિતિમાં જેઓનું પરમ ઔદાસીન્ય હોય બલ્કે જેઓની ઘૃણા હોય કે સર્વથા નિરપેક્ષતા હોય તે 'જાગૃતિદશા' છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચું ધન

અનુ૦—**અભ્યાસી**

ધનવાન હોવું એ એક કળા છે; અને મારી સમજ પ્રમાણે એનું રહસ્ય અકિંચન બનવામાં રહેલું છે. અકિંચન બનવાથી જ આપણે સઘળું પ્રાપ્ત કરવાના અધિકારી બનીએ છીએ.

આપણાં જીવનમાં સૌથી અધિક સુખમય અને મૂલ્યવાન એ જ ક્ષણ છે કે જ્યારે આપણે ભૌતિક જગતની માયાજાલથી આપણી જાતને તટસ્થ કરીને આત્માનુભૂતિમાં પૂર્ણ રૂપે સ્થિત થઇએ છીએ. એ ક્ષણોને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જયારે આપણે દિવ્ય સૌંદર્યની સન્મુખ થઈએ છીએ; અન્યથા નહિ. ભૌતિક જગતની સંપત્તિ એને ખરીદી શકતી નથી તેમજ સંસારની ઊંચામાં ઊંચી પદવી અથવા શકિત તેને પ્રાપ્ત કરાવી શકતી નથી, કેમકે તે એ જ ક્ષણ છે કે જ્યારે આત્મા બાલસુલભ સરલતાથી પોતાના પ્રિયતમ ભગવાનની અનુપમ સુંદરતાનું પૂજન કરે છે.

મનુષ્યની સુંદરતમ અર્થાત્ સર્વોત્તમ સુખમય ક્ષણ જ તેનો સૌથી વધારે મૂલ્યવાન સમય છે. માનવ અનુભૂતિની પરાકાષ્ઠા પોતાના ભાઇઓ ઉપર શાસન કરવાની અથવા સંસારના કોઇ પણ ઇચ્છિત કિંમતી ભંડાર ખરીદવાની શાંતિમાં રહેલી નથી. સાચી સંપત્તિ તો આત્માની અનુભૂતિથી જ પ્રાપ્ત થઇ શકે છે. સુખની વ્યાવહારિક મુદ્રા 'પ્રેમ છે.'

સૌથી વધારે ધનવાન એ જ છે કે જે સૌથી વધારે આપે છે. એવું આપવાનું સાંસારિક ધનના રૂપમાં કદિ બની શકતું નથી. રૂપિયા, આના, પાઈ એ તો પ્રતીક માત્ર છે; એ સિવાય બીજું કંઇ નથી. કોઇ કોઇવાર તો એ બેડીયોનું પ્રતીક બની જાય છે જે આપણને સંસારમાં બાંધી રાખે છે; પરંતુ જીવનની સાચી સંપત્તિ અર્થાત સુખી ક્ષણોમાં તો એનો વધારે પ્રવેશ થઈ શકતો નથી.

જે સંસારમાં આપણે રહીએ છીએ, હરીએ–ફરીએ છીએ તેને યથાર્થ રૂપે સમજવાનો આપણે યત્ન કરવો જોઇએ. સાધારણ મનુષ્યની દૃષ્ટિ કેવળ નષ્ટ થનારી વસ્તુઓ પર જ નિર્ણય આપી શકે છે, પરંતુ એ સ્થૂલતાની પાછળ મૂલ્યવાન આધ્યાત્મિક વસ્તુઓનો એક અનાદિ સાગર છે. જેના સંબંધમાં આપણે ઘણેભાગે અજાણ્યા છીએ, તો પણ એ આધ્યાત્મિક સંપત્તિ સૌને માટે સરખીરીતે પ્રાપ્ય છે. એને માટે ધનવાન–દારિદ્રની અપેક્ષા નથી. એ સંપત્તિ ઉપર આપણો જન્મસિદ્ધ અધિકાર છે; અને ખરી રીતે તો એની પ્રાપ્તિ માટે જ આપણો આ સંસારમાં જન્મ થયો છે. જો આપણે એ આધ્યાત્મિક સંપત્તિ કે જે અલૌકિક સુંદરતાની ખાણ છે તેના અનુસંધાનમાં તત્પર નથી થતા તો આપણું જીવન નીરસ અને નિરર્થક બની જાય છે.

જે મનુષ્ય સાંસારિક સમૃદ્ધિથી સંતુષ્ટ હોવાની કલ્પના કરે છે તેના સંબંધમાં જો એમ કહેવામાં આવે કે આકાશના નક્ષત્ર તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અદષ્ટ અને નિ:સાર થઇ જાય છે તો તેમાં અત્યુક્તિ નથી. ક્રમે કરીને એના જીવનમાં એક સમય એવો આવે છે કે જયારે તે પોતાના ક્ષુદ્ર વ્યાવહારિક ક્ષેત્રની સીમા બહાર કશું જોઇ શકતો નથી. તેની દષ્ટિ કોઈ પણ દશ્યના અંતસ્તલમાં પ્રવેશ જ નથી કરતી, ઇન્દ્રિયોની અનુભૂતિ સિવાય તે કોઇ પણ ઇચ્છા. જિજ્ઞાસા કરતો નથી. તેને સમજાતું પણ નથી કે આત્મશકિત વગર એ ઇન્દ્રિયો તદ્દન નકામી છે. એવા જીવન-વ્યાપારમાં તે કેવળ પોતાના આત્માનું જ હનન કરે છે.

પરંતુ જે મનુષ્ય એ અનુપમ દિવ્ય સૌંદર્યને પોતાનાં જીવનનો સૌથી વધારે કિંમતી ખજાનો સમજીને પોતાના આત્માની અનિર્વચનીય મૌન પ્રેરણાનું અનુસરણ કરે છે તે જરૂર એક દિવસ આ પૃથ્વી અને તેની સમૃદ્ધિનો માલેક બની જાય છે, કેમકે એવા મહાનુભાવોની સન્મુખ જીવનનું રહસ્ય પોતાની મેળે પૂર્ણરૂપે વ્યકત થઇ જાય છે.

આ વાત એટલી સાધારણ રહસ્યની છે, એટલી સરળ છે કે તેને સમજવા માટે મોટી વિદ્વત્તાની કોઇ જરૂર નથી. જીવનનો અમૂલ્ય ખજાનો એક ઝરણાની માફક પોતાની મેળે જ આપણી અંદરથી ફૂટી નીકળે છે. સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોનું અસ્તિત્વ તો જોનારના ચર્મ-ચક્ષુઓ પર નિર્ભર છે. આપણાં ચર્મચક્ષુ જે કાંઇ આ બાહ્ય જગતમાં સુંદરતા અથવા સમપ્રવાહિત ગતિ જુએ છે તે સર્વ આપણાં આભ્યંતર જીવનનું બહારનું પ્રમાણ છે. ધનવાન થવામાં આવો અનુભવ થાય એ જ સાચી કળા છે.

આપણા સામાન્ય વ્યવહારોનું કશું પણ મહત્વ નથી એમ સમજવું એ તો મૂર્ખાઇ છે. હમેશાં આપણે સેંકડો કામ કરીએ છીએ, પરંતુ આપણા જીવનમાં એ કામનું સર્વોચ્ચ મહત્વ છે કે જેને જોવામાં કોઇ સ્વરૂપ નથી કે સાર નથી. આપણે એટલું સમજવું જોઇએ કે સઘળી વસ્તુઓ તથા કાર્યોમાં બહાર તેમજ અંદર આધ્યાત્મિક શક્તિનો પ્રવાહ રહેલો છે જેના આધારે વિશ્વ રહેલું છે.

આત્મનિરીક્ષણના અભ્યાસથી જ આપણાં ચક્ષુ ઊઘડે છે. જો સામાન્ય દષ્ટિ દરેક સ્થૂલ અથવા સૂક્ષ્મ વસ્તુ જોવાનું એક માત્ર સાધન હોત તો આપણને બધાને એક જ જાતની આત્માનુભૂતિ થાત; પરંતુ આપણા જોવામાં આવે છે કે અનેક લોકો એવા છે કે જેના ચર્મચક્ષુની જયોતિ પૂર્ણરૂપે ઠીક હોય છે તથાપિ વિશ્વમાં તેઓ તે દિવ્ય ઉજ્જવળ સૌન્દર્ય જોઇ શકતા નથી. તેનું કારણ એ છે કે-તેઓને પોતાનાં આભ્યંતર જીવનમાં સ્થૂલ દષ્ટિના પ્રવાહનો અનુભવ નથી થયો.

આધ્યાત્મિક વ્યાપાર ક્ષેત્રની એક માત્ર ઉપયોગી મુદ્રા 'પ્રેમ' છે અને એના બદલામાં કંઇપણ મેળવવાની ભાવના વગર તેનું પ્રદાન કરવું પડશે. આ નિશ્ચય જ સાંસારિક વ્યવહારથી બિલ્કુલ વિપરીત છે; કેમકે આધ્યાત્મિક સત્યતા ભૌતિક સત્યતાથી વિપરીત હોય છે. સંસાર ભૌતિક લાભ ઉપર ભાર મૂકે છે, તો આત્મા ત્યાગ પર ભાર મૂકે છે. સંસાર સમૃદ્ધિને ભૌતિક શકિતથી માપે છે તો આત્મા નમ્રતા તથા વિનયના અનુપાનથી માપે છે.

સાંસારિક મનુષ્ય કદિ પણ સુખશાંતિનો અનુભવ નથી કરી શકતો. તેનું સુખ તથા આધ્યાત્મિક સંપત્તિ તો આત્માના વ્યાપાર સમજવાની શકિત પર નિર્ભર હોય છે.

વર્તમાન જગતની મોટી મોટી સમસ્યાઓ જેટલી દેખાય છે તેટલી જટિલ નથી. માણસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન યોગેશ્વર શ્રી આનંદઘનજીકૃત
# શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

સં.–ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી

**ગાથા ૧.**

**પ્રણમું પદ પંકજ પાર્શ્વના,**
**જસ વાસના અગમ અનૂપ રે;**
**મોહ્યો મન મધુકર જેહથી,**
**પામે નિજ શુદ્ધ સ્વરૂપ રે. પ્રણમું૦ ૧**

**ભાવાર્થ:**—સ્તવનકારે પ્રભુના ચરણને કમળની ઉપમા આપી પોતાના મનને મધુકર બનાવી, અનુભવ રસનું પાન કર્યું છે, એવો મુખ્ય ભાવ છે. ઉપમા સુંદર રીતે યોજીને ઘટાવી છે. સ્તુતિ કરતાં કહે છે કે–હું પાર્શ્વ પ્રભુના પદ–પંકજને–ચરણકમળને પ્રણામ કરું છું, જે ચરણકમળની વાસના–સુગંધી–સૌરભ કોઇ અગમ–ગમ ન પડે એવી અને અનુપમ છે. જે વાસનાથી મુગ્ધ થયેલ મારો મન મધુકર પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે.

(અત્રે પ્રભુના ચરણને પંકજની ઉપમા આપી. ત્યાં પ્રશ્ન ઊઠ્યો કે અહિં વાસના સુગંધી કેમ નથી? અને જો છે તો તે કેવી છે? તેનો જવાબ આપ્યો કે અહિં ઈન્દ્રિયજન્ય પૌદ્ગલિક સુગંધીરૂપ વાસના તો છે જ નહિં. પણ ભગવાનના શુદ્ધ ચારિત્રરૂપ ચરણની કોઇ અગમ વાસનારૂપ ભાવ સુગંધી પ્રસરી રહી છે અને તે જો કે અનુભવગમ્ય છે, તોપણ વાણીથી કહી શકાય એમ નથી. તેમજ સકળ ઉપનામથી વિલક્ષણ હોવાથી અનુપમ છે. અત્રે પંકજની ઉપમા આપી તે પણ કથંચિત્ ગુણસામ્યથી ઉપચારથી છે અને તેમાં પણ વિલક્ષણપણું પ્રત્યક્ષ છે કારણ કે પંકજ તો પંકમાંથી ઉત્પન્ન થાય છે, પણ આ ચરણ પંકજ તો અપંકજ છે અર્થાત્ અપંકમાંથી ઉપજેલું છે–અપંક

---

પોતાની બુદ્ધિ તેમજ સ્થૂલ શકિતયોદ્વારા તેને ઉકેલવાના પ્રયત્ન કરે છે, પરંતુ તે સમજતો નથી કે એ સઘળી સમશ્યાઓ તેની પોતાની મૂર્ખાઈથીજ ઉત્પન્ન થઇ છે. આધ્યાત્મિક શકિતના પ્રયોગથી સંસારની મોટી મોટી સમશ્યાઓ ઘણા થોડા વખતમાં જ ઉકેલી શકાય છે.

એમ કહેવામાં આવે છે કે અત્યારે માનવ-જાતિને અનેક આવશ્યક વસ્તુઓના અભાવનો સામનો કરવો પડે છે, પરંતુ આધ્યાત્મિક સંપત્તિના અભાવનો કદિ સામનો નથી કરવો પડતો, તે તો પુષ્કળ પ્રમાણમાં ઉપસ્થિત હોય છે. જો તેનું અનુસંધાન કરીને તેને પ્રાધાન્ય આપવામાં આવે તો સંસારની અનેક સમશ્યાઓનો જાદુઈરીતે ઉકેલ કરી શકાય. વળી સૌને હમેશની માફક ખાદ્ય પદાર્થો વિશાળ પ્રમાણમાં સહેજે પ્રાપ્ત થઇ જાય અને સૌના હાથમાં ધંધા–રોજગાર પણ આવી જાય. જો પ્રાણિઓના જીવન તેમજ કાર્યની પાછળ સેવાની ભાવના હશે તો દરેક મનુષ્ય એક નવીન પ્રકારના ઉત્સાહથી અનુપ્રાણિત થશે. આધ્યાત્મિક સંપત્તિ જ મનુષ્યજાતિને સર્વોચ્ચ સમૃદ્ધિની પ્રાપ્તિ કરાવી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે આત્મ અચલતામાંથી આ ચરણુ–ચારિત્ર ઉપજ્યું છે. પંકજ જલમાં રહ્યા છતાં તેથી અલિપ્ત, અસ્પૃષ્ટ જ રહે છે તેમ ભગવાનનું ચરણ પણ પરભાવના સ્પર્શથી પર, જલકમલવત્ અલિપ્ત રહે છે. કમલ સૂર્યોદયે વિકાસ પામે છે ને ત્યારે તેની સુગંધ પ્રસરે છે એટલે તેથી આકર્ષાઇને ભમરો ત્યાં આવે છે તેમ કેવળજ્ઞાન સૂર્યોદય સમયે ચરણ વિકાસ પરિપૂર્ણ હોય છે ને ત્યારે તેની અનુપમ સૌરભ પ્રસરે છે–વિસ્તરે છે જેથી આકર્ષાઇને આ મારો મન-મધુકર તે પ્રભુચરણ પ્રત્યે આવ્યો છે ઇત્યાદિ પ્રકારે ઉપમા વાચ્ય સમાનપણું પણ ધરે છે તથાપિ વિલક્ષણપણું છે તે પ્રગટપણે કહે છે.)

**ગાથા ૨.**

**પંક કલંક શંકા નહિં,**
**નહીં ખેદાદિક દુઃખ દોષ રે;**
**ત્રિવિધ અવંચક યોગથી,**
**લહે અધ્યાત્મ સુખ પોષ રે. પ્રણમું૦ ૨**

**ભાવાર્થ**:—આ ચરણપંકજમાં પંકના કલંકની શંકા નથી. બાહ્ય પંકજની જેમ રખેને કાદવનો ડાઘ લાગી જાય એવો ભય નથી; અર્થાત્ આ ચરણકમળને આશ્રયે જે રહે છે તેના મન મધુકરને કર્મમલ લાગવાનો ભય નથી. શુદ્ધ સ્વરૂપને ભાવમલ રૂપ અશુદ્ધિ લાગવાનો સંભવ નથી. વળી આ ચરણકમળને સેવતો મન–મધુકર ખેદાદિક દોષ પામતો નથી. બાહ્ય પંકજને ભજનારો ભમરો તો **ખેદ** પામી જાય છે, થાકી જાય છે, **ઉદ્વેગ** લહે છે, કંટાળે છે, **ક્ષેપ** પામે છે, અન્યત્ર વૃત્તિ જવારૂપ વિક્ષેપ પામે છે, **ઉત્થાન** કરે છે, ત્યાંથી ઊઠી જાય છે–**ભ્રાંતિ** ભજે છે, ચારેકોર ભ્રમણ કરે છે, **અન્યમુદ** પામે છે, અન્ય સ્થાને મોદ પામે છે. **રૂગ**–રોગગ્રસ્ત બને છે. અન્યત્ર રાગરૂપ રોગથી પીડાય છે અને **આસંગ** આસક્તિ ધરે છે. પણ પ્રભુના ચરણકમળે લીન થયેલો આ મારો મન-મધુકર તો તે પ્રભુના ચરણસેવનથી **ખેદ** પામતો નથી, થાકતો નથી, **ઉદ્વેગ** ભજતો નથી, અણગમો–કંટાળો પામતો નથી. **ક્ષેપ** અહીંથી અન્યત્ર ફેંકાવારૂપ વિક્ષેપને ભજતો નથી, અહિંથી **ઉત્થાન** કરતો નથી, ઊઠી જતો નથી, ઉચક બનતો નથી–**ભ્રાંતિ** પામતો નથી, ચારેકોર ભમતો નથી. **અન્યમુદ** પામતો નથી. પ્રભુ-ચરણ સિવાય અન્યત્ર ખેદ ધરતો નથી. **રૂગ**–રોગની પીડાથી પીડાતો નથી. અન્યત્ર રાગાદિરૂપ રોગથી ગ્રસ્ત થતો નથી. **આસંગ** આસક્તિ ભજતો નથી–પ્રભુ ચરણ સિવાય અન્ય સ્થળે આસક્ત થતો નથી. આમ આ મારો મન-મધુકર પણ જેવા ચરણપંકજ વિલક્ષણ છે તેવો જ વિલક્ષણ છે. વળી ભમરો જેમ વાસ-નાથી ખેંચાઇને તે કમળને બરાબર ખોળી કાઢી ત્યાં જ આવીને બેસે છે. અર્થાત્ તેનો **અવંચક**–નહિં ચૂકે એવો યોગ કરે છે. પછી તેનો રસ ચુસે છે અર્થાત્ ખાલી ન જાય એવી અવંચક ક્રિયા કરે છે અને તેથી અવંચક અમોઘ એવા પરિતૃપ્તિરૂપ ફળની પ્રાપ્તિ કરે છે અને આમ ત્રિવિધ અવંચક યોગથી તે પોતાના બાહ્ય સુખને પોષે છે, પુષ્ટિ કરે છે તેમ આ મારો મન મધુકર પણ પ્રભુના ચરણ-પંકજની વાસનાથી આકર્ષાઇ તેના સ્વરૂપને બરાબર ઓળખી કાઢી, તે ચરણના આશ્રય-રૂપ યોગાવંચકને પ્રાપ્ત થયો છે અને પછી તેની સેવાના આરાધનરૂપ અવંચક–ન વંચે એવી અવંચક ક્રિયા કરતો રહી ક્રિયા અવં-ચકપણું પામ્યો છે અને તેથી અચૂકપણે અમોઘપણે પ્રાપ્ત થતું એવું આત્મપરિતૃપ્તિ અવંચક ફલ પામી કૃતકૃત્ય થયો છે. અને આમ ત્રિવિધ અવંચક યોગથી તેણે પોતાના અધ્યાત્મ સુખનો પોષ કર્યો છે ( આમ આઠ ચિત્તદોષનો ત્યાગ કરી તથા યોગ–ક્રિયા–ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ અવંચકત્રયની પ્રાપ્તિ કરી મારો મન મધુકર અધ્યાત્મ સુખનો પોષ પામ્યો છે તે અધ્યાત્મ રસ પોષ કેવી રીતે? તે વિશેષપણે સ્પષ્ટ કરે છે.

ગાથા ૩.

દુરંદશા દૂરે ટળે,
ભજે મુદિતા મૈત્રિભાવ રે;
વરતે નિત્ય ચિત મધ્યસ્થતા,
કરુણામય શુદ્ધ સ્વભાવ રે. પ્રણમું૦ ૩

**ભાવાર્થ**-દુઃખ દૌર્ભાગ્યરૂપ દુર્દશા દૂરે ટળે છે અને ભમરો જેમ કમળના ઘ્રાણથી મુદિત થાય છે તેની સાથે ગાઢ સ્નેહરૂપ મૈત્રી સાધે છે તે કમળ મધ્યસ્થ થઈને વર્તે છે અને તેનો રસ ચૂસતા છતાં તેને દુઃખ કિલામણા ન થાય તેમ કરુણાભાવ દાખવે છે, તેમ આ મારો મન મધુકર પણ પ્રભુના પદપંકજની સુવાસનાથી મુદિત થાય છે, સુપ્રસન્ન થાય છે, તેના પ્રત્યે પરમ પ્રેમમય ગાઢ મૈત્રી સાધે છે, તે ચરણને નિત્ય ચિત્ત મધ્યસ્થ રાખે છે અર્થાત્ નિરંતર ચિત્તમાં સ્થાપન કરે છે. ચૈતન્યમાં–આત્મામાં–સ્વરૂપમાં ચરણ કરે છે અને તે ચરણનું સેવન–આરાધન કરતાં તે ચરણની ઘાત-હિંસા ન થાય એવો ભાવ–દયામય કરુણાભાવ દાખવે છે. અર્થાત્ દ્રવ્યથી ક્ષેત્રથી હિંસા ન થાય એવી શુદ્ધ ઉપયોગમયતા રાખે છે (ગુણ પ્રત્યે પ્રમોદભાવ, સર્વ જીવ પ્રત્યે મૈત્રી એ વિગેરે અર્થ પણ ઘટે છે) પણ ઉપમાના સમર્થનમાં ઉપરોક્ત અર્થ બંધબેસતો ગણાય છે.

—( અપૂર્ણ )

## આગામી સંવત્સરી બાબત જાણવાજોગ ખુલાસો

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજના તરફથી ચતુર્વિધ શ્રી સંઘને સનમ્ર નિવેદન કરવામાં આવે છે કે–પાટણથી જ્ઞાનચંદ રલારામ પંજાબીએ પોતાના નામથી અમારા ફોટાવાળા ભીંતિયાં પંચાંગ પ્રકાશિત કરાવી બહાર પાડયા છે, એમાં ભા. સુ. ત્રીજનો ક્ષય અને ભા. સુ. ચોથ સોમવારની સંવત્સરી છપાવેલ છે, જેથી અમદાવાદ વગેરે સ્થળોથી પત્રો દ્વારા આ પંચાંગો બાબત અમારું ધ્યાન ખેંચે છે અને પૂછે છે કે આપ ભા. સુ. ત્રીજનો ક્ષય કરવાના છે કે છઠ્ઠનો ?

આથી અમોને ખુલાસો કરવાની જરૂરત જણાય છે કે–અમો આ ભીંતિયા પંચાંગ સંબંધી કશુંએ જાણતા નથી, તેમજ આજ દિવસ સુધી એને નજરે પણ જોયું નથી.

વિ૦ સં. ૧૯૫૨, ૧૯૬૫ અને ૧૯૮૯માં ચંડાંશુચંડુ પંચાંગમાં ભા૦ સુ૦ પાંચમનો ક્ષય હતો પણ અન્ય ઘણા પંચાંગોમાં છઠ્ઠનો ક્ષય હોવાથી ચતુર્વિધ શ્રી સંઘે ભા૦ સુ૦ છઠ્ઠનો ક્ષય માની ભા૦ સુ૦ ચોથને સંવત્સરી પર્વ આરાધી ભા૦ સુ૦ પાંચમને આબાદ રાખી હતી, એવી જ રીતે આ વર્ષે પણ ચંડાંશુચંડુ પંચાંગમાં ભા૦ સુ૦ પાંચમનો ક્ષય છે, અને અન્ય ઘણા પંચાંગોમાં છઠનો ક્ષય હોવાથી અમો ભા૦ સુ૦ છઠ્ઠનો ક્ષય માની ભા૦ સુ૦ ચોથ મંગળવારે શ્રી સંવત્સરી પર્વ આરાધી ભા૦ સુ૦ પાંચમને આબાદ રાખશું.

પ્રસિદ્ધ વાત છે કે–જે વારની સંવત્સરી હોય તે જ વારે બેસતું વર્ષ હોય. આ વખતે પણ એવી જ રીતે છે, અર્થાત્ મંગળવારની સંવત્સરી અને મંગળવારે જ બેસતું વર્ષ.

પૂ૦ પા૦ શ્રી આ૦ મ૦ ની આજ્ઞાથી

લી૦ **સમુદ્રવિજય**

**બિકાનેર–શ્રીરામપુરિયા જૈન ભુવન.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ( શુદ્ધિ પત્રક )

# ગત જુન–વૈશાખ માસના અંકમા શુદ્ધિ-વૃદ્ધિ.

પત્ર ૧૮૨, પંક્તિ ૨૦ આ **આર્યદેવ......**

„ ૧૮૩, „ ૨ તેમજ **यस्मिन् भिन्ने न तद्बुद्धिरन्यापोहधिया च तत् । घटाम्बुवत् संवृतिसत् परमार्थसदन्यथा ॥ ६ । ४ ॥** આ **અભિધર્મકોશ**ની એક કારિકા પણ ભગવાન્ **મલ્લવાદી**એ ઉધ્ધૃત કરી છે.

„ ૧૮૩, પં. ૧૨ '**હશે એમ લાગે છે**'ના બદલે '**છે**' એમ વાંચવું.

„ „ „ ૧૩ પણ **ઘણે** સ્થળે

„ ૧૮૪, પં. ૧૦ એવા ઉલ્લેખપૂર્વક ભગવાન્ **મલ્લવાદી**એ

„ ૧૮૫, પં. ૧ પ્રસિદ્ધ વાકય

„ „ પં. ૧૭ વૈશેષિક સૂત્રની સંભવતઃ **રાવણ**કર્તૃક ( જુઓ **અનઘ રાઘવ** નાટક ) એક **કટંદી** નામની ટીકા હતી.

„ „ પં. ૨૨ તથા ૩૦ **ह्यर्थो वाचं**

„ „ પં. ૨૮ **सत्तार्था इत्यविशेषेणोक्तत्वात्**

„ ૧૮૬, પં. ૧૩ જણાતું.[૧] આનું પૂર્વાર્દ્ધ **કલકત્તા સંસ્કૃત સીરિજ**માં ( નં. ૨૩ ) પ્રકાશિત થયેલા **યુક્તિદીપિકા** નામના સાંખ્ય ગ્રંથમાં **सुखं च दुःखं च संशयश्च वारेणायं सेवते तत्र तत्र ।** એ પ્રમાણે ઉધ્ધૃત કર્યું જોવામાં આવે છે.

„ ૧૮૭, પં. ૨૪ કરે એ શું સંભવિત છે ? ? ?

„ ૧૮૮, પં. ૯ **ન્યાયમુખાદિ**ની સાથે

„ „ પં. ૨૮ **परार्थं मानमाख्यातं वाक्यं तदुपचारतः ॥ १० ॥**

„ ૧૯૦, પં. ૧૮ મળી આવે છે ( જુઓ **સન્મતિતર્ક** કાંડ ૨ જાની ૯ મી ગાથાની વ્યાખ્યા )

„ „ પં. ૨૩ ( **કષાયપ્રાભૃત** ભા. ૧ પત્ર ૩૫૧ થી ૩૬૦ સુધી )

„ ૧૯૨, પં. ૮ **ज्ञाताखिलार्था( र्था ? )गमः**

„ „ પં. ૨૫ શુદ્ધ જણાય છે ?

„ ૧૯૩, પં. ૧૪ ( પૃ. ૫૨૧ )

„ „ પં. „ **सात्यन्तगुर्वी च**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શ્રી જૈન આત્માનંદ સભા(ભાવનગર)ના બાવનમા વાર્ષિક મહોત્સવની ઉજવણી.

આ સભાનું સ્થાપન ૧૯૫૨ ના બીજા જેઠ શુદી બીજના માંગલિક દિવસે ( જે પ્રાત:સ્મરણીય પરમ ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ પછી પચીશમે દિવસે જ ) તેમની ભક્તિ અને સ્મરણાર્થે થયેલ છે. તે વખતે પરમ કૃપાળુની ભક્તિ સાથે સ્મરણ રહ્યા કરે, તેથી જેઠ શુદિ ૭ વર્ષગાંઠ અને જેઠ શુદિ ૮ ગુરુ જયન્તિ ઉજવવાનો ઠરાવ થયો હતો. સંવત ૧૯૯૨ ની સાલમાં જ્યારે વડોદરા મુકામે જન્મ જયન્તિ ઉજવાણી ત્યારબાદ દરેક શહેરની જેમ આ સભા તરફથી પણ ગુરુરાજની જન્મ જયન્તિ શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે કેટલાક વખતથી જ્યાં ગુરુદેવની પ્રતિષ્ઠિત મૂર્તિ છે ત્યાં ઉજવાય છે; પરંતુ હાલમાં બે વર્ષથી આ સભાના ઘણા સભાસદો તરફથી આ સભાને વિનંતિ થતી હતી કે-આ સભાનું સ્થાપન જ્યારે જેઠ શુદિ બીજના રોજ થયેલ છે, તો દર વર્ષે તે જ દિવસે શ્રી તળાજા તીર્થે ત્યાં પણ પૂજ્યપાદ ગુરુદેવની મૂર્તિની પ્રતિષ્ઠા થયેલ છે ત્યાં હવે પછી વર્ષગાંઠ દર વર્ષે તે જ દિવસે ઉજવવી. તે ઉપરથી વૈશાક માસમાં વૈશાક વદિ ૮ સોમવાર તા. ૩૧-૫-૪૮ ના રોજ આ સભાની જનરલ મીટીંગ મળી હતી જેમાં સર્વાનુમતે આ વર્ષથી દર વર્ષે જેઠ શુદિ ૨ ના રોજ આ સભાનો વાર્ષિક મહોત્સવ ઉજવવો અને ગુરુદેવના સ્મરણ નિમિત્તે જેઠ શુદિ ૮ ના રોજ સભાના મકાનમાં પ્રભુ પધરાવી દેવગુરુપૂજન સાથે પૂજા ભણાવવી. વાર્ષિક મહોત્સવ નિમિત્ત આમંત્રણ અને સ્વામીવાત્સલ્ય માટે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના નામથી પ્રથમ મૂકેલી રકમનું વ્યાજ સભા આપે છે અને તેમના ધર્મપત્ની શ્રી હેમકોર બ્હેનને શેઠ હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હયાતિમાં રૂા. ૧૫૦૦) બીજા આપવા કહેલા, હાલ તેનું વ્યાજ દર વર્ષે આપે છે અને વિશેષ ખર્ચ થાય તો સભા ઉમેરે તે રીતે વાર્ષિક મહોત્સવનો ખર્ચ દર વર્ષ મુજબ કરવો તેવો ઠરાવ થતાં તે હકીકત શ્રીમતી હેમકોરબ્હેનને જણાવતાં આનંદપૂર્વક કબૂલ કરવાથી અને તેઓશ્રી પણ સાથે આવી દેવભક્તિ કરે તેમ આગ્રહપૂર્વક જણાવવાથી જેઠ શુદિ ૧ ના રોજ શ્રી તળાજા ટ્રેનમાં સભાસદો સાથે તેઓ પણ આવ્યા જે ખુશી થવા જેવું છે અને જેઠ શુદિ ૨ ના રોજ સર્વેએ શ્રી તાલધ્વજગિરિની પ્રથમ યાત્રા કરી. પછી શ્રી નવાણું પ્રકારી પૂજા ભણાવી પરમાત્માની અંગરચના, રોશની વગેરે કરી દેવગુરુભક્તિ કરી બપોરે સ્વામિવાત્સલ્ય કર્યું ને સર્વ આત્મકલ્યાણના કાર્યો સભા તરફથી કરવામાં આવ્યા હતા.

આ સભાનું ધન્ય ભાગ્ય છે કે દર વર્ષે દેવ-ગુરુભક્તિ, તીર્થયાત્રા વગેરે બે તીર્થો ઉપર જઇ કરવામાં આવે છે. આ સભાના સભાસદો પણ પોતાનું સભાસદ તરીકે અહોભાગ્ય માને છે કે આ સભાના સભ્ય થવાથી તીર્થયાત્રા વગેરે માંગલિક પ્રસંગોનો ઉત્તમ લાભ દર વર્ષે મળે છે.

---

શ્રી વિજયલલિતસૂરિશ્વરજી મહારાજ સપરિવાર પાલીતાણા, કદંબગિરિ, તળાજા, ગોઘા વગેરે સ્થળોએ યાત્રા કરી અત્રેના શ્રીસંઘની વિનંતિથી શહેર ભાવનગરમાં જેઠ શુદ ૩ ગુરૂવારના રોજ શ્રીસંઘે ભક્તિપૂર્વક સામૈયું કરવાથી સવારના સાતવાગે પ્રવેશ કર્યો હતો. અને શ્રીસંઘના ઉપાશ્રયે પધારતાં સર્વને માંગલિક સંભળાવ્યું હતું જે વખતે વોરા જુઠાભાઇએ શ્રીસંઘવતી ચાતુર્માસ અત્રે કરવા વિનંતિ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગરના શ્રીસંઘ તરફથી પૂજ્યપાદ શ્રીમાન્ વિજયાનંદસૂરીશ્વર (શ્રી આત્મારામજી) મહારાજની ઉજવવામાં આવેલી જયન્તિ.

## ભાવનગરમાં આદર્શ જ્ઞાનમંદિર ખોલવાની આગ્રહભરી અપીલ.



પરમ ઉપકારી ગુરુવર્ય શ્રીમાન્ **આત્મારામજી મહારાજની** સ્વર્ગવાસ તિથી જેઠ શુદિ આઠમના રોજ હોવાથી તે દિવસે ભક્તિ નિમિત્તે મારવાડીના વંડામાં આચાર્ય મહારાજ શ્રી **વિજયલલિતસૂરિના** અધ્યક્ષપણા નીચે જયન્તિ ઉજવવામાં આવી હતી. જે વખતે સાધુ સાધ્વીઓ, જૈન આગેવાનો, બીજા સજ્જનો તથા સન્નારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. વ્યાખ્યાન હોલમાં ગુરુરાજ શ્રી આત્મારામજી મહારાજની મોટી છબી સ્ટેન્ડ પર સામે ગોઠવવામાં આવી હતી જે સર્વનું ધ્યાન ખેંચી રહી હતી.

મેળાવડાની કાર્યવાહીનો આરંભ વડવાના પાઠશાળાના વિદ્યાર્થીઓના મંગળાચરણથી કરવામાં આવ્યો હતો. ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘના મંત્રી શ્રી **જાુઠાભાઇ સાકરચંદ** વોરાએ શરૂઆતમાં બોલતાં જણાવ્યું હતું કે–આજે પરમ ઉપકારી આપણા ગુરૂ શ્રી આત્મારામજી મહારાજની સ્વર્ગારોહણ તિથી છે. તે પરમ કૃપાળુ ગુરુમહારાજે આપણી જૈન સમાજ ઉપર અગણિત ઉપકારો કર્યા છે.

ચીકાગોખાતે મળેલી સર્વ ધર્મ પરિષદમાં વીરચંદ ગાંધીને તેઓશ્રીએ જૈન પ્રતિનિધિ તરીકે મોકલાવીને વિદેશમાં જૈન ધર્મની મહત્તા ખૂબ વધારી હતી તે તેમના શિષ્યોએ આજ દિન સુધી જાળવી રાખી છે. તેમના વિદ્વાન શિષ્યો પણ ગુરુવર્યના પગલે ચાલી જૈન સમાજ ઉપર અનેક ઉપકારો કરે છે. આચાર્ય મહારાજ ૧૯૪૨ ની સાલમાં ભાવનગર પધાર્યા હતા. તે વખતે ભાવનગરના શ્રી સંઘે તેમનો સારો સત્કાર કર્યો હતો. તેઓ એક મહાન પુરુષ હતા. તેમનું હૃદય વિશાળ તથા ઉદાર હતું. તેઓ મહાન પ્રખર વિદ્વાન હતા અને ૧૯૫૨ ની સાલમાં કાળધર્મ પામ્યા હતા.

આજના પુણ્યદિને આપણે તે મહાન પુરુષના જીવનચરિત્રમાંથી બની શકે તેટલા સદ્‌ગુણો ગ્રહણ કરવા જોઇએ. સુરતના મૂર્તિમંત સુશ્રાવક કલ્યાણભાઇની વિનંતિનો સ્વીકાર કરીને આચાર્યમહારાજે ત્યાં ચાતુર્માસ કર્યું હતું. તે વખતે સુરતના શ્રી સંઘે આચાર્ય મહારાજશ્રીનું જે રીતે ભવ્ય સામૈયું કાઢયું હતું તે સુરતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઇ રહ્યું છે.

આચાર્ય શ્રી વિજયલલિતસૂરિ ગુરુજીના જીવન પર વધુ પ્રકાશ પાડશે એટલું બોલીને પોતાનું સ્થાન લીધું હતું.

ત્યારબાદ શ્રી જૈન આત્માનંદ સભાના માનદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રી શ્રી **વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીએ** ભક્તિપૂર્વક બોલતાં જણાવ્યું કે-શ્રી આત્મારામજી મહારાજને જોવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું ન્હોતું; પણ અનેક પુસ્તકો ઉપરથી તેઓશ્રીના જીવનનો મેં મનનપૂર્વક જે અભ્યાસ કર્યો છે તેમાંથી આચાર્ય મહારાજના જીવનપ્રસંગો આપની સમક્ષ હું રજૂ કરીશ.

સંવત ૧૮૯૨ ના ચૈત્ર શુદ ૧ ના રોજ પંજાબના લહેરા ગામમાં તેમનો જન્મ થયો હતો. તેઓ ક્ષત્રિય હતા અને તેઓશ્રીમાં ક્ષાત્રતેજ પ્રકાશતું હતું. તેઓ રાજા થયા હોત તો પ્રજા અને ધર્મનું પાલન કરી શકત, પણ જૈન સમાજના સદ્‌ભાગ્યે તેઓ જૈન સમાજ ઉપર ઉપકાર કરવા જ સર્જાયા હતા. પંજાબમાં જ્યારે (શ્વેતાંબર) જૈનધર્મ ઉપર આર્યસમાજ, સનાતનીઓ અને સ્થાનકવાસીઓ વગેરેના આક્રમણો શરૂ થયા હતા તેવા વખતે આવા મહાન પ્રભાવશાળી નરની જરૂર હતી તેવા વખતે જ આચાર્ય મહારાજનો જન્મ થયો હતો. તે સમયે હિંદમાં પણ ચોમેર અંધકાર પ્રસરી ગયો હતો. તેઓશ્રીએ જ્ઞાનતેજરૂપી પ્રકાશ ફેંકીને અંધકારને ઉલેચ્યો હતો.

તેઓશ્રીએ ૧૭ વર્ષની નાની વયે સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. તેઓ ભારે બુદ્ધિશાળી હતા અને રોજ સેંકડો શ્લોક કંઠાગ્ર કરી શકતા હતા. આરંભમાં જ તેઓશ્રીએ ૩૨ સૂત્રો ભણી લીધા હતા. તેમણે જોઈ લીધું કે સૂત્રોના અર્થ સાધુઓ જુદી જુદી રીતે કરતા હતા. તેમને જોધપુરના વૈજનાથ નામના પટવાએ કીધું કે-સૂત્રો અને શાસ્ત્રોના સાચા અર્થ અને રહસ્ય પારખવા હોય તો વ્યાકરણ અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરો. ગુરુની મના છતાં તેમણે એક પંડિત પાસે વ્યાકરણ અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. સ્થાનકવાસી સંપ્રદાયના વૃદ્ધ પંડિત, સરલ સ્વભાવી રત્નચંદ્રજી મહારાજનો આગ્રામાં તેમને સંયોગ થયો અને તેઓશ્રીને નવી દૃષ્ટિ ત્યાં સાંપડી. ત્યાંથી ક્રમે કરીને તેઓ અમદાવાદ પધાર્યા ત્યારે પ્રાતઃસ્મરણીય શ્રી **બુટ્ટેરાયજી મહારાજે** પ્રેમભાવથી કીધું કે આત્મારામ "અહિંયા તારી જરૂર જ હતી. તે વખતેજ તું આવ્યો તે ઠીક કર્યું." તે પછી તેઓશ્રીએ સંવેગી દીક્ષા લઈ શ્રી શાંતિસાગરની સાથે શાસ્ત્રવાદ કરી વાદી તરીકે પ્રભાવકપણું બતાવ્યું.

સંવત ૧૯૪૩માં હિંદુસ્તાનના સકળ સંઘે તેમની બરાબર યોગ્યતા જોઈ ૧૦ હજારની માનવ મેદની વચ્ચે (૨૦૦ વર્ષના લાંબા ગાળા બાદ) શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે (શ્રી આત્મારામજી મહારાજને) આચાર્ય પદવી અર્પણ કરી હતી. તે પછી તેઓશ્રીએ અજ્ઞાનતિમિરભાસ્કર, તત્વનિર્ણયપ્રાસાદ, જૈન તત્વાદર્શ, સમ્યકૃત્વશલ્યોદ્ધાર, ચીકાગો પ્રશ્નોત્તર વગેરે અનેક ગ્રંથો પણ બસો વર્ષના ગાળા પછી તેઓશ્રીએ લખીને પુસ્તકારૂઢ કર્યા. ભારતવર્ષમાં અને પાશ્ચિમાત્ય દેશોમાં પણ ખ્યાતિ થતાં ચીકાગો (અમેરિકા)ની સર્વ ધર્મ પરિષદ સને ૧૮૯૨ માં મળતાં મહારાજશ્રીને ત્યાં પધારવા આમંત્રણ મળ્યું હતું; પરંતુ સાધુનો આચાર ત્યાં જવાનો ન હોવાથી મહારાજશ્રીએ જૈન દર્શન તરફથી વીરચંદ ગાંધીને જૈન દર્શનના તત્ત્વજ્ઞાનમાં તૈયાર કર્યા અને જૈન સંઘે ત્યાં પ્રતિનિધિ તરીકે મોકલ્યા, જેમણે વિદેશી વિદ્વાનોને જૈન ધર્મના તત્ત્વજ્ઞાન તરફ આકર્ષ્યા; અને જૈન દર્શન એક સનાતન દર્શન છે તેવો પ્રકાશ પાડ્યો, વગેરે વિવેચન બાદ જુદા જુદા ધર્મના અભ્યાસ માટે યુરોપ, અમેરિકામાં સ્કુલ હસ્તિ ધરાવે છે તેમજ કોપઈણ દર્શનના અભ્યાસી અભ્યાસ ત્યાં કરે છે ત્યાં કેટલા બધા પુસ્તકાલયો અને તેમાં પુસ્તકોની સંખ્યા છે તેનો વિસ્તાર કરવાનો સમય નથી, પણ જૈન સમાજને તેવા પુસ્તકાલયોની જરૂર છે એમ તેમણે જણાવ્યું હતું. પાટણ, જેસલમીર, ખંભાત, લીંબડી, પંજાબ વગેરે સ્થળે હસ્તલિખિત હજારો જૈન સાહિત્ય, આગમ અને વિવિધ વિષયો ઉપરના ધર્મ પુસ્તકો શ્રી સંઘ પરંપરાથી સાચવતો આવ્યો છે અને તે જ આપણી ખરી આત્મ લક્ષ્મી છે, તે તો રીતે ભાવનગરનો જૈન સંઘ ફાયરપ્રુફ મકાન બંધાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે રીતે જ્ઞાનમંદિરની સ્થાપના કરે એ જ શ્રી સંઘનું સાચું કર્તવ્ય છે અને આવશ્યકતા છે.

વગેરે જણાવ્યા બાદ મુનિ શ્રી જયવિજયજીએ ગુરુમહારાજની વિદ્વત્તાના પ્રસંગોચિત વખાણ કર્યા હતા. ત્યારબાદ આચાર્યશ્રી **વિજયલલિતસૂરિ** મહારાજે બોલતાં જણાવ્યું કે–આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજના જન્મથી જૈન ધર્મનો ઉદય થયો હતો. રાવણનો જન્મ થતાં જેમ રામ પેદા થયા હતા અને કંસનો જન્મ થતાં જેમ કૃષ્ણ પેદા થયા હતા તેમ જ્યારે જૈન સમાજમાં અજ્ઞાનતાનું સામ્રાજ્ય ફેલાવા લાગ્યું હતું ત્યારે આત્મારામજી મહારાજનો જન્મ થયો હતો. તેમણે ૧૭ વર્ષની વયે દીક્ષા લીધી હતી. તેમની બુદ્ધિ નિર્મળ અને પ્રૌઢ હતી. તેમણે દશવૈકાલિક સૂત્રની ૭૦૦ ગાથા સાડાત્રણ દિવસમાં કંઠાગ્ર કરી હતી. તેમની સ્મરણશક્તિ અદ્દભુત હતી. તેમને શાસ્ત્રો ભણવાની તૃષ્ણા અગસ્ત્ય મુનિ જેટલી હતી,

તેઓ જૈન આગમના ૩૨ સૂત્રો થોડા મહિનામાં જ વાંચી ગયા હતા. જે સૂત્રોમાં પ્રતિમાનો પાઠ આવતો હતો તે વાંચવાની મના તેમના ગુરુ તરફથી તેમને કરવામાં આવી હતી; તે છતાં સૂત્રોનું રહસ્ય સમજવા તેમણે સંસ્કૃત અને વૈયાકરણનો અભ્યાસ કર્યો અને તેમના વિચારોમાં ફેરફાર થતો ગયો. ૧૯૩૨ ની સાલમાં તેમણે સંવેગી દીક્ષા ગ્રહણ કરી. ત્યારપછી સ્થાનકવાસીઓ તરફથી તેમને આહારપાણીના કેવી કેવી તકલીફો અને વિટંબણાઓ ભોગવવી પડી હતી, ત્યારબાદ આચાર્ય મહારાજ દમ, કફની બિમારીથી કેવી રીતે કાળધર્મ પામ્યા તેનું કરુણ વર્ણન આચાર્યશ્રીએ કર્યું હતું. એક સનાતની સંન્યાસીએ આચાર્ય શ્રી આત્માનંદજી મહારાજનું વિદ્વત્તાભર્યું પુસ્તક વાંચીને તેની કદર તરીકે તેમણે સંસ્કૃતમાં એક માળા રચીને તેઓશ્રીને અર્પણ કરી હતી. સદ્દગત આચાર્ય મહારાજ પોતાની પાછળ શ્રી વિજયવલ્લભસૂરિ નામના વિદ્વાન શિષ્ય મૂકતા ગયા છે.

અંતમાં આચાર્યશ્રીએ ઉપસંહાર કરતા જણાવ્યું હતું કે–ભાવનગરના જૈન સંઘમાં જે સંપ છે તે ભારે ગૌરવ લેવા જેવી વાત છે. સંઘના સભ્યોમાં જરાએ મતભેદ નથી એ ખુશી થવા જેવી વાત છે. આ સંઘના ભારે પુન્યની નિશાનીરૂપ છે એમ કહીને ભાવનગર જૈન સંઘને શોભે તેવું એક સુંદર જ્ઞાનમંદિર ખોલવાની શ્રી વલ્લભદાસ ગાંધીની સૂચનાને તેઓશ્રીએ અનુમોદન આપ્યું હતું. અને આ કાર્ય હાથ ધરવા તેઓશ્રીએ શ્રી જુઠાભાઇ વોરાને સૂચના કરી હતી. જવાબમાં શ્રી જુઠાભાઇ વોરાએ જણાવ્યું કે–હું કાંઇ ભણેલ કે શીખેલ નથી અને હવે પોણોસો વર્ષનો બુઢો થયો છું માટે શ્રી જૈન આત્માનંદ સભા જેવી સંસ્થા આ કામ ઉપાડતી હોય તો હું તન, મનથી મદદ કરવા તૈયાર છું. શ્રી વલ્લભદાસ ગાંધીએ ભારપૂર્વક બોલતા જણાવ્યું હતું કે–આ કામ કોઇ એક સભા કે સંસ્થાનું નથી પણ શ્રી સંઘનું છે. પાટણ, જેસલમીર, લીંબડી, ખંભાત વગેરે સ્થળોએ સેંકડો વર્ષથી વિવિધ સાહિત્યની અનેક પ્રતો હસ્તલિખિત તાડપત્ર વગેરેની છે તે જ્ઞાનભંડારો ત્યાંના શ્રી સંઘોએ પરંપરાથી સાચવી રાખ્યા છે. અને તે જ સાચવી સંગ્રહી શકે છે, તેથી તે જોઇને આજે આપણે આનંદ અનુભવીએ છીએ. એટલે શ્રી સંઘ જ ભાવિકાળના સમાજના ઉદયના કાર્યો કરી શકે છે અને જ્ઞાનભંડારોને સાચવી શકે છે તે આપણે આજે જોઇ જાણી અનુભવીએ છીએ.

ત્યારબાદ આચાર્ય મહારાજે માંગલિક સંભળાવ્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

## પરમ ગુરુદેવ આચાર્ય શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ જયન્તિ.

જેઠ શુદિ ૮ સોમવાર તા. ૧૪-૬-૪૮ ના રોજ પ્રાતઃસ્મરણીય ગુરુદેવની સ્વર્ગવાસ જયન્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર વર્ષ મુજબ શ્રી જૈન આત્માનંદ સભાના મકાનમાં શ્રી ભોગીલાલ લેકચર હાલમાં પરમાત્માને પધરાવી સત્તરભેદી પૂજા વાજીંત્રો સાથે ભણાવી તેમજ દેવ-ગુરુનું પૂજન કરી સભા તરફથી દેવગુરુભક્તિ કરવામાં આવી હતી. સભાસદો ઉપરાંત અન્ય જૈન બંધુઓએ પણ હાજરી આપી હતી.

---

આજ રીતે જયપુર મુકામે તા. ૧૪–૬–૪૮ ના રોજ પંજાબદેશોદ્ધારક પરોપકારી જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ દિન ભારે સમારોહથી ઉજવવામાં આવ્યો હતો.

---

અત્રેના જાણીતા આગેવાન શહેરી શ્રીમાન્ શેઠ ખાંતિલાલ અમરચંદ વોરા જેઓ આ સભાના પેટ્રન છે તેમના સુપુત્ર ચિ. દેવેન્દ્ર બી. કોમની પરીક્ષામાં સેકન્ડ કલાસ ઉત્તીર્ણ થયા છે તે બદલ આ સભા તેમને અભિનંદન પાઠવે છે અને અભ્યાસમાં આ સભા તેમની ઉત્તરોત્તર પ્રગતિ ઇચ્છે છે.

---

## બીકાનેર.

પંજાબકેસરી આચાર્યવર્ય શ્રીમદ્ વિજયવલ્લભ-સૂરિજી મહારાજ આદિ સપરિવાર અહીં બિરાજવાથી શ્રી સંઘમાં જાગૃતિ આવી છે.

આચાર્યશ્રીજી મુનિમંડળ સહિત તપાગચ્છ દાદા-વાડી શ્રી ગુરુદેવની મૂર્તિના દર્શનાર્થે પધાર્યા હતા.

સાડાસાત વાગે વ્યાખ્યાનમંડપમાં પધારી, માંગલિક સ્તોત્ર શ્રવણ કરાવી આષાઢ સંક્રાન્તીનું નામ સંભળાવ્યું અને આ માસમાં આવતા જૈન પર્વ અને કલ્યાણકોના નામ સંભળાવ્યા હતા.

આઠેક વાગ્યે આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં જયંતિનો કાર્યક્રમ શરૂ થયો.

પાટ ઉપર બિરાજમાન જયંતિનાયક શ્રી ગુરુ-દેવના ભવ્ય ફોટાની નીચે જણાવેલ પાંચ મહાનુ-ભાવોએ ઘીનો ચઢાવો બોલીને વાસક્ષેપથી પૂજા કરી હતી.

| | | | |
|---|---|---|---|
| ૧ | લાલા શાંતિલાલજી હોશિયારપુરી | ૬૫ | મણમાં |
| ૨ | ,, ટેકચંદજી અમૃતસરી | ૬૫ | ,, |
| ૩ | ,, રતનચંદજી હોશીયારપુરી | ૫૧ | ,, |
| ૪ | શેઠ રામચંદજી કોચર બીકાનેર | ૪૧ | ,, |
| ૫ | ,, રામરતનજી ,, ,, | ૫૧ | ,, |

મુનિશ્રી જનકવિજયજી અને શ્રી પાર્શ્વચન્દ્ર-ગચ્છીય મુનિશ્રી રામચંદ્રજીએ જયંતિનાયકના જીવન ઉપર સુંદર વિવેચન કર્યું હતું.

મુનિશ્રી નિપુણવિજયજીએ જયંતિનાયકને શ્રદ્ધા-જલી આપી હતી.

પંન્યાસજી મહારાજશ્રી સમુદ્રવિજયજીએ જયંતિ-નાયક ગુરુ-દેવ માટે બોલતાં જણાવ્યું કે–આજે મારો વિચાર હતો કે–પંજાબમાં આપણા જયંતિ-નાયકની પહેલાંની પરિસ્થતિ અને તેઓશ્રીજીની હયા તીની પરિસ્થિતિ તેમજ તેઓશ્રીજીએ કહ્યું હતું કે **"મારા સ્વર્ગવાસ પછી મારો પ્યારો વલ્લભ પંજાબની સારસંભાળ કરશે."** આ કથનાનુસાર તેઓશ્રીજીના પટ્ટધર આપણી સમક્ષ બિરાજેલા આચાર્યશ્રીજીએ પંજાબને કેવી રીતે ઉન્નતિના પથે પહોંચાડી અને હાલના જુલ્મી પવને પશ્ચિમી પંજા-બને કેવી કફોડી સ્થિતિમાં મૂકી, આપણા પવિત્ર દેવસ્થાનો અને પ્રભુપ્રતિમાઓને નષ્ટભ્રષ્ટ કર્યા એ સંભળાવવાનો હતો પરંતુ સમય ઘણો થઇ ગયો છે. ખાસ મુદ્દાની વાત જણાવું છું કે–શ્રી સંઘની સુચારુ રૂપથી વ્યવસ્થા ચાલે તે માટે શ્રી સંઘની એક પેઢીની ખાસ આવશ્યકતા છે, જેથી બીકાનેર અને બીકાનેરના રાજ્યમાં આપણા દહેરાસરોની સુંદર વ્યવસ્થા થાય અને જે આશાતનાઓ થાય છે તે દૂર થાય. ઇત્યાદિ વિવેચન કરી શ્રી સંઘનું ધ્યાન ખેંચ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધ્યક્ષસ્થાનેથી આચાર્યશ્રીજીએ જયંતિનાયકમાં રહેલ નિરભિમાનતા, સત્યતાદિ ગુણોનું વર્ણન પ્રભાવશાલી શૈલીથી વર્ણવી તેનું અનુકરણ કરવા અને સંગઠન સાધવા તેમજ શ્રી સંઘની પેઢી સ્થાપવા જોરદાર ઉપદેશ આપી માંગલિક સંભળાવ્યું. લગભગ ૧૧ વાગ્યે જયનાદોની સાથે સભાજનો પેડાઓની પ્રાભવના લઇ વિખરાયા હતા.

દાદાવાડીમાં જયંતિનાયકની અષ્ટ પ્રકારી પૂજા ભણાવવામાં આવી અને સાધર્મિક વાત્સલ્ય થયું. રાત્રીના એ જ વ્યાખ્યાન મંડપમાં રામપુરિયા જૈન ઇન્ટર કોલેજના ધર્માધ્યાપક (પાટણનિવાસી) માસ્તર આત્મારામજી સાલવીના પ્રમુખસ્થાને સભા ભરવામાં આવી હતી અને જુદી જુદી વ્યક્તિઓ તરફથી વિવેચન થયા હતા.

પ્રમુખસ્થાનેથી માસ્તર આત્મારામજીએ જૈન સમાજમાં સંગઠન, શિક્ષણ આદિ આવશ્યક્તાઓ ઉપર ભાર મૂક્યો હતો.

જયંતિનાયકની ભક્તિ નિમિત્તે શેઠ છન્નાલાલજી સોહનલાલજી કરણાવટના તરફથી જેઠ સુદી ત્રીજથી સમારોહપૂર્વક અઠાઇ મહોત્સવ યોજવામાં આવેલ. દરરોજ જયંતિનાયક શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજ અને તેઓશ્રીજીના પટ્ટધર પ્રભાવક શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી મહારાજ રચિત વિવિધ પ્રકારની પૂજાઓ ભણાવવામાં આવી. તેમજ નિત્ય નવી પ્રભાવનાઓ કરવામાં આવી હતી.

સખ્ત ગરમી હોવા છતાં પણ સર્વે ગચ્છના સાધુ તથા સાધ્વીજીઓ તથા ભાઇબ્હેનોએ સેંકડોની સંખ્યામાં સારો લાભ લીધો હતો.

## આધુનીક યુગનાં પ્રભાવક શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતિ

( મનહર છંદ. )

શ્રી વિજયાનંદ સૂરી, પંજાબ વીર કેસરી;
જૈન ધર્મ જ્યોત કરી, થયાં મહા મ્હારથી.
નર રત્ન યુગ બળે, પ્રકાશીત ધન્ય પળે;
આત્મારામ જૈન ખોળે, થયાં ધર્મ સારથી.
તન સુદ્રઢતાં સારી, આત્મબળ બહુ ભારી;
માર્ગ વીર જયકારી, ગ્રહ્યો અસિ ધારથી.
નંદન ત્રિશલા વીર, શાસનનો ભાર શીર;
દમ્યું સંયમે શરીર, વિચરી વિહારથી. ૧

સત્ સ્યાદવાદ વાણી, ફરી ફરી કરી લ્હાણી;
ભારતનાં જૈનો ઋણી, યોગી આત્મારામનાં.
ભાવનાં શ્રીમદ્ તણી, સેવામાં જીવન વણી;
વહાવ્યું જ્ઞાનનું પાણી, રાખી જગ નામના.
નર રત્ન શાસ વણી, અજ્ઞાન તિમીર હણી;
ગહન સંશય તણી, ફરી કરી કામનાં.
રત્નાકર જ્ઞાન ડોળી, પીધું અમરત ઘોરી;
'અમર' થયાં છે સૂરી, જૈન ધર્મ ધામનાં. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંશોધન અને સંપાદનને લગતો સર્વ વિભાગ શાન્તમૂર્તિ આચાર્ય ભગવાન **શ્રી સિદ્ધિસૂરિશ્વરજી**ના વિદ્વાન શિષ્ય આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજીના મહાનુભાવ શિષ્ય શ્રી ભુવનવિજયજીના વિદ્વાન શિષ્ય મુનિવરશ્રી **જંબૂવિજયજી** મહારાજે આ સભા ઉપર કૃપા કરી તે ભાર સ્વીકારી લીધો છે. આ અંકમાં તેમજ હવે પછીના માસિકમાં તે માટેના લેખો આવે તે વાંચવા જૈન બંધુઓ બ્હેનોને નમ્ર સુચના છે. જેમ બને તેમ વેળાસર અમારા તરફથી છપાવવાનું કામ શરૂ થશે.

---

## ૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર. ( છપાય છે. )

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોકપ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું આ ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આપેલાં છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક કળાની દૃષ્ટિએ તૈયાર કરાવેલ અનેક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે તૈયાર કરવામાં આવશે.

---

## ૩ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( છપાય છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું તેનો શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતીભક્તિ, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, દમયંતીના ધર્મો, રાજ્યનીતિ, વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને અનુભવ મેળવવાના ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

### છપાય છે.

૪ **કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે, જેમાં સમ્યક્ત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતા ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ–હાનિનું નિરૂપણ, આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિસંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાયો છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળ કિંમત રૂા. ૮–૮–૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

( યોજનામાં )

૫ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર. ૬ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ભાષાંતરો થાય છે. નં. ૪-૫-૬ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

---

તૈયાર છે.

## દેવસી-રાઇ (બે) પ્રતિક્રમણાદિ મૂળ સૂત્રો.

સૂત્રોની સંક્ષિપ્ત સમજ સાથે.

હાલ અમારા તરફથી ઉપરોક્ત દેવસી-રાઇ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રગટ કરવામાં આવી છે. નિરંતરની શ્રાવક-શ્રાવિકા માટેની આ આવશ્યક ક્રિયા હોવાથી આવી સખ્ત મોંઘવારી હોવા છતાં અમારા ઉપર ઘણી માગણી આવવાથી ઉંચા કાગળો ઉપર સુંદર મ્હોટા ગુજરાતી ટાઇપમાં છપાવી પ્રસિદ્ધ કરેલ છે. કિંમત માત્ર રૂા. ૦-૧૦-૦ દશ આના પોસ્ટેજ જુદું.

જૈન કન્યાશાળા, પાઠશાળાઓએ આ લાભ સત્વર લેવાની જરૂર છે. સામટી નકલ લેનાર ધાર્મિક સંસ્થાને યોગ્ય કમીશન આપવામાં આવશે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિ વિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

( મૂળ અને મૂલ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાતર સહિત. )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસૂરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અને વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મસ્વકર્તવ્યના યથાર્થ સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃતિ છે. સુમારે ચારસેંહ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૨-૦-૦

---

## ॥ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય. ॥

( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર. )

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવનચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રમાણિક ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય ગુજરાતી રાસોનું સશોધન કાર્ય સંપાદક મહાશય અને અન્ય સાક્ષરોએ કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણસુધી સાડાચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક સમાજ, રાજકીય વ્યવસ્થા, રીત રીવાજો, આચાર વિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તે ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે. ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨-૧૨-૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only